# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી**

**16-5-25**

**પ્રતિ**

**તંત્રી શ્રી,**

**જય હિંદ,**

**છેલ્લા 10 વર્ષોથી ED, CBI અને IT વિભાગો ભારતીય જનતા પાર્ટીના પેજ પ્રમુખોની જેમ કાર્યરત છે, છેલ્લા 10 વર્ષોમાં આ તમામ એજન્સીઓ દ્વારા વિરોધપક્ષના નેતાઓ અને અમુક અંશે સરકારની વિરુદ્ધ અવાજ ઉપાડતા એવા પત્રકારો પર 3000 થી પણ**
**વધુ કેસો કરવામાં આવ્યા છે, જેમાં સાબિત માત્ર 1%થી ઓછા થયા છે, જેમાં 95% જેટલા કેસ તો માત્ર વિરોધ પક્ષના નેતાઓ પર થયા,**

**દેશ માં વિરોધ પક્ષના નેતાઓ સાથે જયારે કોઈ પણ પત્રકાર, સાહિત્યકાર, લોક ગાયક સરકારની ટીકા કરે અથવા સરકારની નીતિઓનો પર્દાફાશ કરે એમના અવાજ ને ED, CBI અને IT વિભાગો દ્વારા દબાવી દેવાની કોઈશ ખુબ જ આમ બાબત થઇ ગઈ છે**

**આપ જાણો છો પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ માં ભારત દેશનો ક્રમાંક 180 દેશોની યાદીમાં 159 છે એના શું કારણો છે? એનો જવાબ અમુક ઉદાહરણ સાથે દર્શાવાની કોશિશ કરું છું.**

1) 2016માં જયારે NDTV એક રાષ્ટ્રીય ચેનલ તરીકે પોતાના જુના મેનેજમેન્ટ સાથે, ભારત સરકારની નીતિઓ ઉજકાર કરતુ હતું ત્યારે 24 કલાક માટે સરકાર દ્વારા
ચેનલ ને ઑફ એર કરી દેવામાં આવી હતી, આ એક દબાણ હતું જો સરકારની સામે થશો તો ચેનલ બંધ થઈ જશે,

2) એવી જ રીતે દિલ્હી ખાતે વર્ષ 2023માં News Clickના 7-8 પત્રકારો પર મની લોન્ડરિંગના કેસો લગાવી, UAPA ના કાયદા હેઠળ ED દ્વારા 10-10 કલાકની પૂછપરછ કરી, પત્રકારોનો અવાજ દબાવાની કોશિશ થઈ હતી

3) ભૂતકાળમાં ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી રાજીનામું આપશે એવા માત્ર સમાચાર પ્રસિદ્ધ કરવા બદલ પત્રકાર ધવલ પટેલ પર રાજદ્રોહનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો

4) ગુજરાતમાં ચાલતા દારૂના અડ્ડા પર સમાચાર પ્રકાશિત કર્યા તો યુટ્યુબ પત્રકાર પ્રશાંત દયાળ પર ગુજરાત પોલીસ દ્વારા આ સમાચાર હટાવાના દબાણો થયા અને પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી

5) વડોદરા માં 2024માં જયારે પૂર આવ્યું તો સામાન્ય નાગરિકોની સમસ્યા જયારે વડોદરાની લોકપ્રિય ચેનલ સયાજી સમાચારે હકીકતો બતાવી તો, ભાજપના જ એક ધારાસભ્ય દ્વારા પોલીસ કેસ કરવાની ધમકી આપવામાં આવી

6) વડોદરામાં TV9 ગુજરાતી ચેનલના એક મહિલા પત્રકારે જયારે ભારતીય જનતા પાર્ટીના મહિલા કાઉન્સેલરની ચાલુ સભા દરમિયાન અલગ રૂમમાં જઈ આરામ ફરમાવતા સમાચારને ઉજાગર કરવાની કોશિશ કરી, તો વડોદરાના મેયર દ્વારા ચાલુ સભામાં ઘોષણા કરી TV9 ગુજરાતી ચેનલ પર પ્રતિબંધ લાદવાની વાત કરી હતી

7) ગુજરાતની પ્રસિદ્ધ ચેનલ VTV ગુજરાતીને પણ 2017માં 24 કલાક માટે ઑફ એર કરવામાં આવ્યું હતું

આવા અસંખ્ય ઉદાહરણ છે કે અને તાજેતરની વાત છે ગુજરાતના પ્રસિદ્ધ અખબાર "ગુજરાત સમાચાર"ની, તેઓ સતત 90 વર્ષોથી પણ વધારે ગુજરાતની જનતાનો અવાજ બની ગુજરાતની તમામ સમસ્યા વિષે સચોટ માહિતી આપતા રહ્યા છે, ગુજરાત સમાચાર કોઈ પણ સરકાર સત્તા પર હોય પરંતુ હંમેશા ગુજરાતની જનતાના હિતમાં સરકાર સામે અવાજ ઉપડ્યો છે, બસ આ જ વાતે ભારતીય જનતા પાર્ટી અને ભારત સરકારના પેટમાં તેલ રેડ્યું અને એમને ગુજરાત સમાચારના આવાજને કચડી નાખવા પહેલા IT વિભાગનો ઉપયોગ કર્યો 2-3 દિવસ રેડ પાડી અને પછી EDનો દુરુપયોગ કરી તેઓના સંસ્થાપક શ્રી બાહુબલીભાઈ શાહને આજે અરેરેસ્ટ કરી લેવામાં આવ્યા છે,

આ ઘટનાઓ સાબિત કરે છે કે દેશના લોકશાહીનો ચોથો સ્તભં એટલે કે મીડિયા અને પત્રકારો પણ હવે જો સરકાર સામે સવાલ કરશે તો સુરક્ષિત નથી, આ માત્ર મીડિયા અને પત્રકારો પર હુમલો નથી આ દેશની લોકશાહી પર હુમલો છે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ગુજરાત સમાચારના સંસ્થાપક શ્રી બાહુબલીભાઈ શાહની અરેસ્ટને સખત શબ્દો માં વખોડી કાઢે છે અને કોંગ્રેસ ગુજરાત સમાચારની સાથે આવા તમામ મીડિયા હાઉસ અને પત્રકારો જોડે ઉભી છે જેઓ નિષ્પક્ષ રીતે પોતાની કામગીરી કરી સરકાર અને એની ખરાબ નીતિઓને ઉજાગર કરે છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓએ ગુજરાત સમાચાર પર સરકાર દ્વારા IT અને EDનો પોતાના રાજકીય ફાયદા માટે જે રેડ કરવામાં આવી એના વિષે
Xના માધ્યમ દ્વારા વિરોધ નોંધાવેલ છે.

- ગુજરાત સમાચાર એક ૯૩ વર્ષ જૂનું સંગઠન છે, મોદીજીએ તેના વરિષ્ઠ સ્થાપક શ્રી બાહુબલી ભાઈ શાહજીની ED દ્વારા ધરપકડ કરાવીને આ સાબિત કર્યું છે. — Arresting critics is the first sign of a scared dictator ! - શ્રી મલ્લિકાર્જુન ખડગે, અધ્યક્ષ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

- ગુજરાત સમાચારને ચૂપ કરવાનો પ્રયાસ એ ફક્ત એક અખબારનો જ નહીં પરંતુ સમગ્ર લોકશાહીનો અવાજ દબાવવાનું બીજું કાવતરું છે. - શ્રી રાહુલ ગાંધીજી, નેતા વિરોધપક્ષ, લોકસભા

- ગુજરાત સમાચાર મોદીના નેતૃત્વ હેઠળના ભાજપ શાસનની ટીકા કરવામાં નિર્ભય છે. માલિક બાહુબલી શાહની ED દ્વારા ધરપકડ એ ભાજપનો સ્વતંત્ર મીડિયાને શાસનની લાઈન પર વાળવાનો માર્ગ છે. - શ્રી કે સી વેણુગોપાલ, સંગઠન મહાસચિવ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

- Late last night the ED arrested Bahubali Bhai Shah of Gujarat Samachar. The 93 year old newspaper has been a bold anti establishment voice. This is the fate of those who have the guts to openly say that The emperor is naked. - શ્રી પવન ખેરા, ચેરમેન મીડિયા અને પબ્લિસિટી ડીપાર્ટમેન્ટ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

- દેશભરમાં પોતાનું કામ કરી રહેલા મીડિયાને નિર્દયતાથી નિશાન બનાવવામાં આવી રહ્યું છે. ભાજપ સરકારે જાણવું જોઈએ કે દરેક મીડિયા ગોદી મીડિયા નથી હોતું અને પોતાનો આત્મા વેચવા તૈયાર નથી. હું ગુજરાત સમાચાર અને સત્તા સામે સત્ય બોલતા તમામ મીડિયા સાથે ઉભો છું. જય હિન્દ. - શ્રી શક્તિસિંહ ગોહિલ, પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

- અગાઉ, 'ગુજરાત સમાચાર'નું X હેન્ડલ પણ ભારતમાં બ્લોક કરવામાં આવ્યું હતું, પરંતુ તેમ છતાં તેઓ સરકારના દબાણને વશ થયા ન હતા, તેથી દરોડા પાડીને તેમને દબાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હવે સમય આવી ગયો છે કે સરકારના મનસ્વી કાર્યો સામે અવાજ ઉઠાવવામાં આવે, આપણે એક થઈને અવાજ ઉઠાવવો પડશે, સરકાર દ્વારા અન્યાય કરાયેલા લોકોને ન્યાય મેળવવા માટે લડવું પડશે. ભાજપ સરકારે તટસ્થ રહેનારા અને લોકોનો અવાજ ઉઠાવતા મીડિયાને દબાવવાની રાજનીતિ બંધ કરવી જોઈએ. - શ્રી અમિત ચાવડા, વિરોધ પક્ષ નેતા, ગુજરાત વિધાનસભા

રાહુલજી હંમેશા કહે છે "ડરો મત, લડો" સમય પાકી ગયો ભારતીય જનતા પાર્ટીના આ તાનાશાહ સામે એક જુટ થઇ મજબૂતાઈ થી અવાજ ઉપડવાનો.




નિશાંત રાવલ

પ્રવક્તા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

M: 8347040002